# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-06-202** **Morning: 7.45 to 7.55**
**Day : Firday** **National News**

**આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.**

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બીન સલમાન સાથે ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે સહકાર વધારવા અંગે મંત્રણા કરી છે.
- ભારતે, કેનેડામાં ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીની હત્યાની ઉજવણીની છૂટ આપવા બદલ કેનેડાની ટીકા કરી છે.
- ભારત અને સર્બિયા બંને દેશો વચ્ચેના વેપારને આ દશકાના અંત સુધીમાં હાલના 32 કરોડ યુરોથી વધારીને એક અબજ યુરો સુધી લઈ જવા સહમત થયા છે.
- ભારત સરકારે સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવા પાંચ મહત્વના નિર્ણયો લીધા છે.
- ભારત છ સુવર્ણ ચંદ્રક , છ રજત ચંદ્રક અને ત્રણ કાંસ્ય ચંદ્રક મેળવીને જર્મનીમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય શૂટિંગ જૂનિયર વિશ્વકપ સ્પર્ધામાં પ્રથમ સ્થાને રહ્યું છે.
- નેધરલેન્ડમાં રમાઈ રહેલી FIH Pro League હોકી સ્પર્ધામાં ભારતની પુરૂષોની ટીમે આર્જેન્ટિનાને 3-2 થી પરાજ્ય આપીને ટોચનું સ્થાન મેળવ્યું છે.

.......................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - SAUDI ARABIA PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બીન સલમાન સાથે ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રમાં ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે સહકાર વધારવા અંગે મંત્રણા કરી છે. બંને અગ્રણીઓએ ગઈકાલે ટેલિફોન ઉપર વાતચીત કરીને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સહકારને મજબૂત બનાવવા અત્યાર સુધી થયેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

તેમણે વૈશ્વિક મહત્વ ધરાવતા મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરી હતી. શ્રી મોદીએ આ વર્ષે એપ્રિલ મહિનામાં સુદાનમાં અટવાયેલા ભારતીયોને જેદ્દાહ માર્ગે બહાર લાવવામાં સાઉદી અરેબિયાએ આપેલા મહત્વના સમર્થન બદલ ક્રાઉન પ્રિન્સનો આભાર માન્યો હતો.

# PRESIDENT- SERBIA

ભારત અને સર્બિયા બંને દેશો વચ્ચેના વેપારને આ દશકાના અંત સુધીમાં હાલના 32 કરોડ યુરોથી વધારીને એક અબજ યુરો સુધી લઈ જવા સહમત થયા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને સર્બિયાના રાષ્ટ્રપ્રમુખ એલેકઝાન્ડર વુકિક વચ્ચે ગઈકાલે બેલગ્રેડમાં યોજાયેલી મંત્રણામાં આ નિર્ણય લેવાયો હતો.

સર્બિયાની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પ્રતિનિધિસ્તરની મંત્રણાઓ પણ કરી હતી. આ મંત્રણામાં બંને દેશો મહત્વના ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહકાર વધારવા સહમત થયા હતા. સર્બિયાના રાષ્ટ્રપ્રમુખે ભારતીયો માટે વિઝાની પ્રક્રિયા સરળ બનાવવાની હૈયાધારણા આપી છે. તેમણે ભારત અને સર્બિયા વચ્ચે વિમાન સેવા ઝડપથી શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી છે.

રાષ્ટ્રપતિ સાથે સર્બિયા ગયેલ એસોચેમ, ફિક્કી અને સીઆઈઆઈના પ્રતિનિધિમંડળે સર્બિયાના વેપાર અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી છે.

# NT. SAGAR PARIKRAMA-7TH PHASE

સાગર પરિક્રમાના સાતમા તબક્કાના ભાગરૂપે કેન્દ્રિય મત્યોતિદ્યોગ મંત્રી પુરૂષોત્તમ રુપાલા અને રાજ્યમંત્રી એલ. મુરૂગન આજે કેરળ અને લક્ષ્ગદીપની મુલાકાતે જશે.

બંને અગ્રણીઓ બેયપોર મત્ય્ર બંદરની મુલાકાત લેશે તેમજ માહે અને કોઝીકોડેમાં સ્થાનિક માછીમારો સાથે સંવાદ કરશે તથા ખાસ કાર્યક્રમમાં યોજનાકીય સહાયનું અને પ્રમાણપત્રોનું વિતરણ કરશે.

ઉલ્લેખનીય છે કે, સાગર પરિક્રમાના ભાગરૂપે મંત્રીઓ સમગ્ર દેશના દરિયાઈ વિસ્તારની મુલાકાત લઈને માછીમારો સાથે સીધો સંવાદ કરી રહ્યા છે.

# JAISNAKARCANADA

ભારતે કેનેડામાં ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીની હત્યાની ઉજવણીની છૂટ આપવા બદલ કેનેડાની ટીકા કરી છે. ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા વિદેશમંત્રી જયશંકરે કહ્યું કે , કેનેડામાં અલગતાવાદી , ઉગ્રવાદી અને હિંસાની તરફેણ કરનારા લોકોને આપવામાં આવેલી મોકળાશ ભારત અને કેનેડાના સંબંધો માટે યોગ્ય નથી.

કેનેડા સરકાર દ્વારા ત્યાંની કોલેજોમાં ભણતા 700 જેટલા ભારતીય વિદ્યાર્થીઓને પોતાના દેશ પરત મોકલવાના સંભવિત નિર્ણય પર ટિપ્પણી કરતા તેમણે જણાવ્યું કે, કેનેડાના સત્તાધીશો દ્વારા આ વિદ્યાર્થીઓના શિક્ષણના હિતની અવગણા કરાઈને લેવાયેલ આ નિર્ણય અયોગ્ય છે. તેમણે કહ્યું કે , કેનેડા ખાતેના ભારતીય હાઈકમિશને આ મુદ્દે કેનેડા સરકારને રજૂઆત કરી છે.

# MANIPUR - SITUATION

મણિપુરમાં છેલ્લાં 48 કલાકમાં હિંસાનો કોઈ બનાવ નોંધાયો નથી અને પરિસ્થિતિ શાંત અને નિયંત્રણ હેઠળ છે. મણિપુર સરકારના સલાહકાર કુલદીપસિંહે જણાવ્યું છે કે, ખીણ પ્રદેશના પાંચ જિલ્લાઓમાં કરફ્યુમાં બાર કલાકની જ્યારે પર્વતીય વિસ્તારના જિલ્લાઓમાં 10 કલાકની છૂટછાટ આપવામાં આવી હતી.

છેલ્લાં 24 કલાકમાં પોલીસે કોમ્બિંગની કાર્યવાહી દરમિયાન 27 શસ્રોતી, 41 બોમ્બ અને દારૂગોળો જપ્ત કર્યો છે. દરમિયાન ગૃહમંત્રાલયે હિંસાથી મણિપુરમાં વિસ્થાપિત થયેલા લોકો માટે 101 કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે.

# PACS - (PMKSK)

ભારત સરકારે સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવા પાંચ મહત્વના નિર્ણયો લીધા છે. કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહ અને ખાતર મંત્રી મનસુખ માંડવિયા ની દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો આ મુજબ છે.

1. દેશભરમાં લગભગ એક લાખ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ -PACS કાર્યરત છે. આ પૈકી જે PACS ખાતરના છૂટક વિક્રેતાઓ તરીકે કાર્યરત નથી તેમની ઓળખ કરવામાં આવશે અને તેમને તબક્કાવાર રીતે ખાતરના છૂટક વિક્રેતા તરીકે કામ કરવા માટે પ્રોત્સાહિત કરાશે.

2. PACS જે હાલમાં પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો (PMKSK) તરીકે કાર્યરત નથી તેમને PMKSKના કાર્યક્ષેત્રમાં લાવવામાં આવશે.

3. PACS ને જૈવિક ખાતરના માર્કેટિંગ સાથે જોડવામાં આવશે.

4. ખાતર વિભાગની બજાર વિકાસ સહાય ( MDA) યોજના હેઠળ, બાયો-ઓર્ગેનિક ખાતરોની સપ્લાય અને માર્કેટિંગ શૃંખલામાં PACS ને પણ જથ્થાબંધ અથવા છૂટક વેપારી તરીકે સામેલ કરાશે.

5. અને ખાતર અને જંતુનાશકોના છંટકાવ માટે અને પ્રોપર્ટીના સર્વે માટે પણ PACS ને ડ્રોન ઉદ્યોગસાહસિક તરીકે પણ નિયુક્ત કરી શકાશે.

આ મહત્વપૂર્ણ નિર્ણયોથી પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓની આવકમાં વધારો થશે , તેમજ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો વધશે.

# RBI

ભારતીય રિઝર્વ બેન્કે ચાલુ નાણાંકીય વર્ષની પોતાની બીજી દ્વિમાસિક નાણાંકિય નીતીની ઘોષણા કરી છે. રિઝર્વ બેન્કે મુખ્ય દર , યથાવત રાખ્યા છે , રેપોરેટ છ પોઇન્ટ પાંચ ટકા જ રહેશે.

ગઈકાલે રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે કહ્યું કે ઉપભોક્તા મૂલ્ય સૂચકાંકમાં આ વર્ષે માર્ચથી એપ્રિલ દરમ્યાન ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે , ચાલુ નાણાંકીય વર્ષમાં ફૂગાવાનો દર ચાર ટકાથી વધારે રહેશે. તેમણે ઉમેર્યું કે , આ વર્ષે ચોમાસુ સામાન્ય રહે તેવી ધારણા છે. ફૂગાવાનો દર પાંચ પોઇન્ટ એક ટકો રહી શકે.

રિઝર્વ બેન્કે જીડીપી વૃદ્ધિદર છ પોઇન્ટ પાંચ ટકા જળવાઇ રહેશે એમ કહ્યું છે. રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે ઘોષણા કરી કે બેન્કો , હવે રૂપે – પ્રી પેઇડ ફોરેક્સ કાર્ડ બહાર પાડી શકશે. તેની સાથે જ રિઝર્વ બેન્કે ઇ-રૂપી વાઉચરનો વ્યાપમાં વધારો કરવાની પણ જાહેરાત કરી. તે માટે નોન બેન્ક કંપનીઓ સ્વતંત્રતપણે એવા ઇન્સ્ટ્રુમેન્ટસ બહાર પાડી શકશે..

# RBI Governer

રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે કહ્યું છે કે , નાગરિકોએ બે હજાર રૂપિયાની લગભગ 50 ટકા નોટ જમા કરાવી દીધી છે , અથવા બદલી લીધી છે. તેમણે કહ્યું કે , લગભગ 3 લાખ 62 હજાર કરોડ રૂપિયાની બે હજાર રૂપિયાની નોટ ચલણમાં હતી. તેમાંથી એક લાખ 80 હજાર કરોડની બે હજાર રૂપિયાની નોટ જમા કરાવાઇ છે અથવા બદલી લેવામાં આવી છે.

શક્તિકાન્ત દાસે કહ્યું કે , લગભગ 85 ટકા રકમ ધારણા પ્રમાણે બેંકના ખાતાઓમાં જમા કરાવાઇ છે. બેંકોમાં નોટ બદલાવવા કે જમા કરાવવા માટે ભીડ નથી. તેમણે નાગરીકોને અપીલ કરી છે કે , બે હજાર રૂપિયાની નોટ બદલાવવા કે જમા કરાવવાની છેલ્લી તારીખની રાહ ના જુએ..

# Agni Prime

અતિ આધુનિક બેલેસ્ટીક મિસાઇલ અગ્નિ પ્રાઇમનું સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા – ડીઆરડીઓ એ સફળ પરિક્ષણ કર્યું છે. ઓરિસ્સાના દરિયાકાંઠા નજીક ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ દ્વીપ પરથી  બુધવારે આ પરિક્ષણ હાથ ધરવામાં આવ્યું. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે , આ મિસાઇલના ત્રણ પરીક્ષણ બાદ રાત્રે પહેલું પ્રી-ઇન્ડકશન પરીક્ષણ સંપૂર્ણ રીતે સફળ રહ્યું. આ મિસાઇલ તેમાં બધા જ લક્ષ્યાંક પાર પાડવામાં સફળ નિવડી છે.

ડીઆરડીઓના વરિષ્ઠ અધિકારીઓએ તેમજ વ્યૂહાત્મક દર કમાન્ડે આ પરીક્ષણનું નીરીક્ષણ કર્યું. તે સાથે સશસ્ત્ર દળોમાં આ પ્રણાલીનો સમાવેશ કરવા માટેનો માર્ગ મોકળો બન્યો       છે.  સંરક્ષણમંત્રી રાજનાથસિંહે ડીઆરડીઓ અને સશસ્ત્રદળોને આ બદલ અભિનંદન આપ્યા છે..

# Weather

હવામાન વિભાગે કહ્યું છે કે, નૈઋત્ય ચોમાસું કેરળ પહોંચી ગયું છે. સામાન્ટ રીતે કેરળમાં ચોમાસું પહેલી જૂને બેસી જાય છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે , આવતા 48 કલાકમાં મધ્ય અરબી સમુદ્ર , તમિળનાડુ, કર્ણાટક અને નૈઋત્ય અને મધ્ય તેમજ ઇશાન, બંગાળ અખાતના અન્ય કેટલાક ભાગમાં નૈઋત્ય ચોમાસું આગળ વધે તે માટેની પરિસ્થિતિ સાનૂકુળ છે. હવામાન વિભાગે જણાવ્યું કે , છેલ્લા 24 કલાકમાં અગ્નિ અરબી સમુદ્ર પર ઘનઘોર વાદળાં છવાયાં છે..

# CYCLONE

અરબી સમુદ્રમાં ઉભું થયેલું બીપોરજોય ચક્રવાતી વાવાઝોડું ગઇકાલે મધરાતે પોરબંદરથી દક્ષિણ અને દક્ષિણ – પશ્ચિમ અર્થાત્ નૈઋત્ય દિશાએ 870 કિલોમીટર અંતરે પહોંચ્યું હતું. આગામી બે દિવસમં તે વાયવ્ય દિશામાં આગળ વધે તેવી સંભાવના છે. ગઇકાલે વાવાઝોડાની ગતિ 5 કિલોમીટર પ્રતિ કલાકથી સહેજ ઘટીને 3 કિલોમીટર પ્રતિકલાક થઇ હતી.

દરમિયાન હવામાન વિભાગે આગામી 13મી જૂન સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. આ સમયગાળાં સંબંધીત વિસ્તારોમાં પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિકલાક રહેવાની તથા કયારેક વધીને 50 કિલોમીટર પ્રતિકલાક થવાની સંભાવના દર્શાવી છે.

# WTC

ઇંગ્લેન્ડમાં રમાઇ રહેલી IIC વિશ્વ ટેસ્ટ ચેમ્પીયનશીપની ફાઇનલમાં ઓસ્ટ્રેલીયાના 469 રનના જવાબમાં ભારતે 5 વિકેટે 151 રન કર્યા છે. ગઇકાલે ઓસ્ટ્રેલીયાએ ટ્રેવીસ હેડના શાનદાર 163 અને સ્ટીવન સ્મીથના 121 તથા એલેકસ કેરીના 48 રનની મદદથી પહેલી ઇનીંગમાં 469 રન નોંધાવ્યા હતા.

ભારતના મહંમદ સિરાજે 4 તથા મહંમદ સામી અને શાર્દુલ ઠાકુરે 2 – 2 વિકેટો ઝડપી હતી. જવાબમાં ભારતે પહેલી ઇનીંગમાં રવિન્દ્ર જાડેજાના 48 અને અજીંકય રહાણેના 19 રનની મદદથી બીજા દિવસની રમત બંધ રહી ત્યારે 5 વિકેટે 151 રન નોંધાવ્યા હતા. અજીંકય રહાણે 29 રન સાથે રમતમાં છે ઓસ્ટ્રેલીયાના પાંચ બોલરોએ દરેકે 1 – 1 વિકેટો ઝડપી છે.

# SHOOTING--WORLD-CUP.rtf

ભારત છ સુવર્ણ ચંદ્રક, છ રજત ચંદ્રક અને ત્રણ કાંસ્ય ચંદ્રક મેળવીને જર્મનીમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય શૂટિંગ જૂનિયર વિશ્વકપ સ્પર્ધામાં પ્રથમ સ્થાને રહ્યું છે. ભારત માટે છ સુવર્ણ ચંદ્રક મેળવનાર ખેલાડીઓ આ મુજબ છે. સૈનીયમ, ધનુષ શ્રીકાંત, અમનપ્રિતસિંહ, અભિનવ શો, ગૌતમી ભનોટ અને સ્વાતી ચૌધરી અને સોનમ ભાસ્કર, મેગના સાદુલા, પાયલ ખત્રી, સિમરનપ્રિત કૌર.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2019થી અત્યાર સુધી યોજાયેલી જૂનિયર શૂટિંગ વિશ્વકપ સ્પર્ધામાં ભારત મોખરે રહ્યું છે.

# FIH-PRO-LEAGUE--HOCKEY

નેધરલેન્ડમાં રમાઈ રહેલી FIH Pro League હોકી સ્પર્ધામાં ભારતની પુરૂષોની ટીમે આર્જેન્ટિનાને 3-2 થી પરાજ્ય આપીને ટોચનું સ્થાન મેળવ્યું છે. ભારતના સુકાની હરમનપ્રિત સિંહ, અમિત રોહીદાસ અને અભિષેકે એક એક ગોલ નોંધાવ્યા હતા.

આ વિજય સાથે ભારત 14 મેચોમાં 27 અંકો મેળવીને સૂચિમાં પહેલું સ્થાન મેળવ્યું છે. બ્રિટન 26 અંકો સાથે બીજા સ્થાને છે. આવતીકાલે ભારત અને નેધરલેન્ડ વચ્ચે મુકાબલો થશે.